Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર
Mo- 9016924808
સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 35,(SURAT), DATE-19/02/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૫, (સુરત), તા.૧૯/૦૨/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 બુહારીમાં પાઇપલાઇન મરામત વેળા માટી ધસી પડતાં દબાયેલા યુવકનું મોત

3 કલા મહાકુંભની પ્રદેશ કક્ષાની સ્પર્ધાનો વ્યારા નગરમાં દબદબાભેર પ્રારંભ

4 માંડવીમાં દીપડા રેસ્ક્યુ સેન્ટર યોજનાના વિરોધમાં પદયાત્રા

### ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગ અને વિ. કિલ્લોલ કુમાર ગ્રૂપ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ એકેડમી હિના કિલ્લોલ કલ્ચર ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે

## સરદાર પટેલ ટાઉન હોલ, બારડોલી ખાતે ગીત, સંગીત, સાહિત્ય અને કલાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો







**બારડોલી-** ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગ અને વિ. કિલ્લોલ કુમાર ગ્રૂપ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ એકેડમી હિના કિલ્લોલ કલ્ચર ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે, સરદાર પટેલ ટાઉન હોલ, બારડોલી ખાતે ગીત, સંગીત, સાહિત્ય અને કલાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન નરેશ પટેલ, સુરત ડી. કો.બેંકના પૂર્વ પ્રમુખ અને સુમુલ ના ડીરેક્ટર, મહેશ વસાવા, માજી મહામંત્રી સુ. જિ. ભાજપા , અજિતસિંહ સુરમા માજી ગુજરાત શિક્ષણ બોર્ડ સદસ્ય અને સુભાષ ભક્ત ભક્તા ફાઉન્ડેશન, હેમાશુ ઠાકોર અને પ્રેમ ગોસ્વામી, ઉદયસિંહ શેગાર વગેરે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો.

ટીવી સીરીયલ થી માંડી ગુજરાતી, હિન્દી ફિલ્મમાં વાયોલીન તથા સંગીત અને ગાયકની ઉત્કૃષ્ટ પ્રતિભા ભાવિન પટેલ અને મહેન્દ્ર પટેલને મહેમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશાળ સંખ્યામાં બારડોલી અને બારડોલી વિસ્તારના સંગીતપ્રેમીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમનો ખુબ આનંદ માણ્યો હતો. એકેડમીના તમામ વિદ્યાર્થીઓને ટ્રોફી અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. એકેડમીના ડાયરેક્ટર અને ગુજરાત તથા અન્ય રાજયોમાં પણ બારડોલીનુ નામ ઉજાગર કરનાર પ્રતિભાશાળી કલાગુરુ કુ. તિવષા વ્યાસની



મહાનુભાવોએ પ્રશંસા કરી એકેડમીને અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને સાહિત્યની વાતો યાસીન મુલતાનીએ કરી હતી.

### જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદના

## ૩૧ મા સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત આજે ૪૦૦૦ કિલો (૨૦૦ મણ) ઘાસચારો નાખવામાં આવ્યો





**બોટાદ-** આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન સંલગ્ન સંસ્થા જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ આજથી ૩૧ વર્ષ પહેલા ૧૦ ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ બોટાદમાં સ્થાપક પ્રમુખ શ્રી લલિતભાઈ ભદ્રકિયા સાહેબના નેતૃત્વમાં શરૂ કરવામાં આવેલ સંસ્થાને આજે સતત સેવાકીય પ્રવૃતિ કરતા ૩૧ વર્ષ પૂર્ણ કર્યા અને ૩૨ માં વર્ષમાં મંગલ પ્રારંભે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા આજે શ્રી દામુભાઈ ની વાડી, બોટાદ મહાજન પાંજરાપોળ ,તુરખા રોડ ખાતે ગાયોને લીલો ઘાસચારો ખવડાવી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવેલ આ પાંજરાપોળ ખાતે ૪,૦૦૦ કિલો (૨૦૦ મણ) જેટલો અંદાજે ૨૦,૦૦૦ ની કિંમત નો લીલો ઘાસચારો ગાયો તથા ત્યાંના પશુઓ માટે આપવામાં આવેલ અને 'ગૌસેવા એ જ પ્રભુ સેવા' નુ સૂત્ર સાર્થક કરવા પ્રયત્ન કરેલ.

આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી ચંદુભાઈ સાવલિયા, ફેડરેશન આઇ. પી. પી. કેતનભાઇ રોજેસરા, સેક્રેટરી દીપકભાઈ માથુકિયા, ઉપપ્રમુખશ્રી ડો. પરેશભાઈ દરજી, લાલજીભાઈ કળથિયા, મુકેશભાઈ જેટાણીયા, રાજુભાઈ ડૈરૈયા, ઇમરાન ભાઈ રાવાણી, નરેશભાઈ માવાણી, પ્રોજેક્ટ ચેરમેન વિજયભાઈ રોજેશરા વિરેનભાઈ રાજગોર, શૈલેષભાઈ પરમાર વગેરે સભ્યો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્ન હાથ ધરેલ.

### તાપીની સોનગઢ નગરપાલિકાનું રિઝલ્ટ જાહેર:

## ૨૬ બેઠક પર ભગવો લહેરાયો, માત્ર બે બેઠક પર કોંગ્રેસની જીત, ભાજપ કાર્યકરોમાં ખુશીનો માહોલ



તાપી (વ્યારા)- તાપી જિલ્લામાં સોનગઢ નગરપાલિકાની સાત વોર્ડની મત ગણતરી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. સોનગઢ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપએ ફરી ભગવો લહેરાવ્યો છે. ભાજપે સત્તા હાંસલ કરતા ઉમેદવારોના સમર્થકોએ ડીજે અને ફટાકડા ફોડતા જશ્નનો માહોલ જોવા મળ્યો હતો. સોનગઢ નગરપાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠક માટે થયેલ ચૂંટણીમાં ભાજપના ફાળે ૨૬ બેઠક ગઈ છે, જયારે કોંગ્રેસના ફાળે ૨ બેઠક ગઈ છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસે છેલ્લે-છેલ્લે ખાતું ખોલાવતા કોંગ્રેસ બેડામાં આંશિક રાહત જોવા મળી હતી. બે બેઠક કોંગ્રેસના ફાળે આવતા વિપક્ષની ભૂમિકા નક્કી થઈ છે. હાલ બીજેપીના પદાધિકારીઓએ એકબીજાનું મીઠું મોઢું કરાવીને જીતની ઉજવણી કરી હતી.

શ્રી છત્રપતિ શિવાજી મહારાજ ની જન્મ જયંતિ નિમિત્તે સૌ ભારતવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા...!!!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
તંત્રી- હિમાંશુ કે. ઠાકોર
Mo- 9016924808

## ઉચ્છલના સાકરદા ગામે ઘરફોડ ચોરીમાં ૮૦ હજારની મત્તા સહિત સરકારી હથિયાર ગયું

તાપી (વ્યારા)- તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાકરદા ગામમાં એક પોલીસ કર્મચારીના ઘરમાં થયેલી ઘરફોડ ચોરીમાં ચોરોએ સરકારી પિસ્તોલ સહિત કિંમતી સામાન ચોરી લીધો છે. આ ઘટનાએ સ્થાનિક પોલીસની નાઈટ પેટ્રોલિંગની કાર્યક્ષમતા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

જિલ્લા પોલીસમાં આર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ઉત્તેશ ગામીત, જેઓ હાલમાં ચૂંટણી ઓબ્ઝર્વરના ગાર્ડ તરીકે ફરજ પર છે, તેમના ઘરને ચોરોએ નિશાન બનાવ્યું. ઉત્તેશ ગામીત તેમના પરિવાર સાથે સાસરીમાં લગ્ન પ્રસંગમાં ગયા હતા, તે દરમિયાન ચોરોએ તેમના ઘરમાં પ્રવેશ કરી સરકારી પિસ્તોલ અને કિંમતી ઘરેણાં મળીને કુલ ૮૦ હજાર રૂપિયાની મત્તા ચોરી કરી લીધી.

આ ગંભીર ઘટના બાદ ઉચ્છલ પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે અને અજાણ્યા ઘરફોડ ચોરોની શોધખોળ શરૂ કરી છે. સરકારી હથિયારની ચોરી થવાના કારણે આ કેસને અત્યંત ગંભીરતાથી લેવામાં




આવી રહ્યો છે. સ્થાનિક પોલીસ વિભાગ દ્વારા આસપાસના વિસ્તારોમાં તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રી બાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in
ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808
ખેતીલાયક જમીન. ફાર્મ હાઉસ. દુકાન પ્લોટ ફ્લેટ. રો હાઉસ. ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે. બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી



Date-19/02/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# માંડળ ટોલનાકા નજીક બસ એન્જિનમાં ધુમાડાની સાથે આગ દેખાતાં દોડધામ



સોનગઢ- મહારાષ્ટ્ર એસ ટી નિગમની બસ નંબર MH-૧૪-BT -૪૨૧૫ નો ચાલક પોતાની બસમાં લગભગ ૨૫ કરતાં વધુ મુસાફરો સાથે મનમાડ થી સુરત તરફ આવવા નીકળ્યો હતો. બસ માંડળ ટોલનાકા પાસે પહોંચી હતી ત્યારે સાઈડ પર ઉભેલા કર્મચારીઓએ બસના એન્જિનના ભાગેથી ધુમાડો નીકળતો જોયો હતો. તે અંગે બસ ડ્રાઈવરનું ધ્યાન દોરતાં બસ સ્થળ પર રોકી દેવામાં આવી હતી અને બસમાંથી મુસાફરોને ઉતારી દેવામાં આવ્યાં હતાં. બસના એન્જિનના નીચે ધુમાડા સાથે સાથે આગની લપેટ પણ જોવા મળતાં ટોલનાકાના કર્મચારીઓ અગ્નિશમનના સાધનો લઈ બસ પાસે દોડી આવ્યાં હતાં અને ગણતરીની મિનિટમાં તેનો ઉપયોગ કરી આગ પ્રસરતા અટકાવી દીધી હતી. ત્યારબાદ ધક્કો મારી હાઇવે પર સાઈડ પર લઈ ગયા હતા.

મુસાફરો અન્ય વાહનમાં બેસી આગળની મુસાફરી કરી હતી.

સદનસીબે આ બનાવ ટોલ નાકાની નજીક બન્યો હતો અન્યથા જાનમાલનુ મોટું નુકસાન થવાની શક્યતા હતી. બસ ચાલકના જણાવ્યાં મુજબ આ બનાવ શોર્ટસર્કિટના કારણે બન્યો હતો.

# માંડવીમાં આદિવાસીઓની જળ-જંગલ-જમીન બચાવો યાત્રા:૧૦ કિમીની પદયાત્રામાં હજારો આદિવાસીઓએ ભાગ લીધો, ડેમ વિસ્થાપિતોને જમીન આપવાની માંગ






**બારડોલી**-સુરત અને તાપી જિલ્લાના આદિવાસીઓએ જળ, જંગલ અને જમીનના અધિકારો માટે આજે એક મોટી પદયાત્રાનું આયોજન કર્યું હતું. માંડવીના માલધા ફાટાથી મામલતદાર કચેરી સુધીની ૧૦ કિલોમીટરની આ પદયાત્રામાં મોટી સંખ્યામાં આદિવાસી સમુદાયના લોકો જોડાયા હતા.

આદિવાસી નેતાઓએ ચાર મુખ્ય માંગણીઓ રજૂ કરી હતી. આમલી ડેમ, લાખી ડેમ અને ઈસરડેમ જેવા પ્રોજેક્ટ્સમાં જમીન ગુમાવનારા વિસ્થાપિતોને વૈકલ્પિક જમીન આપવાની માંગ મુખ્ય હતી. આ ઉપરાંત, માંડવી તાલુકામાં ૭૦ હજાર હેક્ટર જમીનમાં પ્રસ્તાવિત જંગલ અભ્યારણ્યનો વિરોધ, નેશનલ હાઈવે ૫૬ પરની સર્વે કામગીરી બંધ કરવા અને માંડવી સુગર મિલના ખાનગીકરણનો વિરોધ પણ કર્યો હતો.

આદિવાસી નેતાઓએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જળ, જમીન અને જંગલ પર તેમનો અધિકાર છે અને તેઓ તેમના હક માટે લડશે. તેમણે રાજકીય નેતાઓ પર પણ આક્ષેપ કર્યા હતા કે ચૂંટણી પછી તેઓ સમાજને ભૂલી જાય છે. શાંતિપૂર્ણ રીતે યોજાયેલી આ પદયાત્રા દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

## બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમારે ઠુમકા લગાવ્યાં

# કમલેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના લોકડાયરામાં ડાન્સ કરતા જોવા મળ્યા; કડોદરાના પૂર્વ કારોબારી અધ્યક્ષના બર્થડેની પણ ઉજવણી



**બારડોલી**-બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે કમલેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત લોકડાયરામાં જોરદાર ડાન્સ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રસંગે કડોદરા નગરપાલિકાના પૂર્વ કારોબારી અધ્યક્ષ અંકુર દેસાઈનો જન્મદિવસ પણ ઉજવવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા કલાકાર વિવેક સાચલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. લોકડાયરામાં દોસ્તીના ગીતો પર ધારાસભ્ય ઈશ્વર પરમાર અને તેમના સમર્થકોએ ઠુમકા લગાવ્યા હતા. અંકુર દેસાઈના જન્મદિવસ નિમિત્તે કેક કાપવાની વિધિ પણ કરવામાં આવી હતી, જ્યાં ધારાસભ્ય ઈશ્વર પરમાર સહિત ઉપસ્થિત મહેમાનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ધાર્મિક વિધિ અને સામાજિક ઉજવણીનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને આમંત્રિત મહેમાનોએ ભાગ લીધો હતો.

# બારડોલીમાં આધાર અપડેટના નામે યુવકને ર.૨૫ લાખનો ચૂનો




**બારડોલી**-બારડોલીના યુવકે ઓનલાઇન આધાર કાર્ડ અપડેટ કરાવવાના ચક્કરમાં રૂ. ૨.૨૫ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. ઠગ ટોળકીએ યુવકને બેંક ઓફ ઈન્ડિયાના લોગોવાળી એક નકલી એપ્લિકેશનનો લિંક વોટ્સએપ પર મોકલ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, બારડોલીની સંગીની રેસિડેન્સીમાં રહેતા ભાર્ગવભાઈ કિશોરભાઈ પટેલને, જેઓ ૩૬ વર્ષના છે, ૮ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ વોટ્સએપ પર એક મેસેજ મળ્યો હતો, જેમાં આધાર કાર્ડ અપડેટ કરવાની વાત કરવામાં આવી હતી. મેસેજમાં એક લિંક પણ હતી, જેના પર ક્લિક કર્યા પછી તેમને એક એપ્લિકેશન પિન નાખવા માટે કહેવામાં આવ્યું હતું. જેવો જ તેમણે પિન નાખ્યો, તેમના ખાતામાંથી પાંચ-પાંચ હજાર રૂપિયાના ૪૫ ટ્રાન્ઝેક્શન થયા, અને કુલ રૂ. ૨.૨૫ લાખ ગાયબ થઈ ગયા હતા.

**આખરે યુવકને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ ભાર્ગવભાઈએ સાયબર ક્રાઇમ હેલ્પલાઇનનો સંપર્ક કર્યો અને ત્યારબાદ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી**

જેથી આખરે યુવકને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ ભાર્ગવભાઈએ સાયબર ક્રાઇમ હેલ્પલાઇનનો સંપર્ક કર્યો અને ત્યારબાદ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને આઇટી એક્ટ હેઠળ કેસ નોંધીને આગળની તપાસ શરૂ કરી છે.

# ભટગામના મંદિર પાસેથી બાઇક ચોરી જનાર ઝડપાયો



ઓલપાડના ઝાંપા ફળિયામાં લક્ષ્મીનારાયણ મંદિરની બાજુના પાર્વતી નિવાસમાં નટવરલાલ હિરાલાલ ત્રિવેદી રસોઈયાનું કામ કરે છે. ગત શનિવાર, તા.૮ના રોજ નટવરલાલ સવારે ૧૦ કલાકના સમયે તેમના પુત્ર સાથે પોતાની બાઇક ઉપર સવાર થઈ ઓલપાડ-ભટગામ રોડ ઉપર આવેલ ગાયત્રી માતાના મંદિરે માતાજીના દર્શન કરવા ગયા હતા. મંદિરમાં દર્શન કરી બહાર આવ્યા, ત્યારે તેમની બાઇક ન દેખાતા તેમણે શોધ ખોર કરતા બાઈક ન મળી આવતા તેમણે ઓલપાડ પોલીસમથકમાં રૂ.૩૦,૦૦૦ની કિંમતની બાઇકચોરીની ફરિયાદ નોંધાવી હતી. ત્યારે ઓલપાડ પોલીસે આજુબાજુના વિસ્તારમાં અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી ફૂટેજની તપાસણી કરી, ચોરી કરી નાશી જનાર અજાણ્યા આરોપી તથા ચોરીમા ગયેલ વાહનની શોધખોળ કરી ગુનો શોધી કાઢવા કાર્યરત તે દરમ્યાન ઓલપાડ ટાઉન વિસ્તારમા ઓલપાડ બસ ડેપો પાસે વાહન ચેકિંગ દરમ્યાન પપ્પુભાઇ ક્રિષ્નાભાઈ ઉપાદયાય ( હાલ રહે.લ્યુના કંપનીના રૂમમાં અસનાડ ગામ , મુળ રહે. પચાલખી મેરાવ થાના.નોરભી જી.સીવાન (બિહાર) ને બાઈક હીરો હોન્ડા પેસન મો.સા. લઈ ને પસાર થતો હતો તે દરમ્યાન પકડી પાડી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વિક્કી કૌશલની છાવાની ૩ દિવસમાં ૧૦૦ કરોડની કમાણી

## ઔરંગઝેબ તરીકે અક્ષય ખન્નાનાં વખાણ થતાં તેની કારકિર્દીને પણ મોટો ફાયદો



મુંબઇ : વિક્કી કૌશલની ’છાવા’એ બોક્સ ઓફિસ પર રીલિઝના પહેલા ત્રણ જ દિવસમાં ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી છે. આ ફિલ્મ બાદ વિક્કીને બિગ બજેટ ફિલ્મો મળવાના ચાન્સીસ વધ્યા છે. બીજી તરફ ફિલ્મમાં ઔરંગઝેબની ભૂમિકામાં અક્ષય ખન્નાનાં પણ બહુ વખાણ થઈ રહ્યાં છે અને તેથી તેની કારકિર્દીને પણ મેજર બૂસ્ટ મળે તેવી શક્યતા છે.

ખાસ કરીને મુંબઇ અને પુણેમાં આ ફિલ્મને સારો રિસપોન્સ મળી રહ્યો છે. છેલ્લા ૩ દિવસમાં આ ફિલ્મે ૧૧૬.૮ કરોડ રૂપિયાની કમાણી કરી દીધી છે. સૌથીવધુ કલેક્શન રવિવારે નોંધવામાં આવ્યું હતું. રવિારે આ ફિલ્મે ૪૮.૫ કરોડ રૂપિયાની કમાણમી કરી હતી. આ પહેલા શનિવારે ૩૭ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું.

વિક્કીની આ પહેલી મોટી કમર્શિઅલ સફળતા છે. આ ફિલ્મ પછી વિક્કી માટે મેગા બજેટ ફિલ્મો મેળવવાનાં દ્વાર ખુલી ગયાં છે. અગાઉ ’અશ્વત્થામા’ ફિલ્મ એ મુદ્દે પડતી મૂકવામાં આવી હતી કે વિક્કી બોક્સ ઓફિસ પર તગડું કલેક્શન લાવી શકે તેમ નથી. પરંતુ, ’છાવા’ બાદ વિક્કીને એવા મોટા પ્રોજેક્ટસ મળવાનો માર્ગ મોકળો થયો છે.

# વડોદરામાં જાહેર રસ્તા પરના દબાણ પર પાલિકાની ટીમો ત્રાટકી : રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.૬ સામેનો રસ્તો દબાણમુક્ત કરવા જતાં હોબાળો



વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં-૬ સામેના રસ્તા પર ખાણી-પીણીની લારીઓના દબાણ પર પાલિકાની ટીમ ત્રાટકી હતી. આજે સવારે પાલિકાની દબાણ શાખાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે રાખીને મોટી કાર્યવાહી હાથ ધરી છે. સવાર-સવારમાં લારીઓ શરૂ થાય તે પહેલા જ તેને જપ્ત કરી લેવામાં આવી છે. આ અંગે લારી ધારકનું કહેવું છે કે, અમે દર મહિને રૂ.૧ હજાર ભરીએ છીએ. છતાં અમારી લારીને જપ્ત કરી લેવામાં આવે છે. દબાણ શાખાના કર્મીનું કહેવું છે કે, અમે ઉપરથી મળેલા આદેશ અનુસાર કાર્યવાહી કરી રહ્યા છીએ. કાર્યવાહી દરમિયાન બે ટ્રક ભરીને સામાન જપ્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

વડોદરામાં વિતેલા કેટલાય મહિનાઓથી પાલિકા દ્વારા દબાણો દુર કરવાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જે આજે પણ ચાલું છે. આજરોજ વડોદરાના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૬ની સામે આવેલા રોડ સાઇડના દબાણો પર પાલિકાની ટીમો ત્રાટકી છે. કાર્યવાહી દરમિયાન કોઇ અનિચ્છનીય ઘટનાના બને તથા ટ્રાફિકનું નિયમન સુચારૂ રૂપે થાય તે માટે પોલીસનો પુરતો બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. મોટા ભાગે અહિંયા વહેલી સવારથી લઇને મોડી રાત સુધી ખાણી-પીણીની લારીઓ ધમધમતી હોય છે.

અહિંયા જમવા આવતા લોકો દ્વારા રોડ સાઇડમાં પાર્કિંગ કરવામાં આવતું હોવાથી તે ટ્રાફિક માટે અડચણરૂપ સાબિત થાય છે. આવી બુમો અગાઉ અનેક વખત ઉઠવા પામી છે.

આજે સવારે લારી શરૂ કરવા માટે ધારકો આવ્યા હતા અને જમવાનું તૈયાર કરી રહ્યા હતા. તેવામાં જ પાલિકાની દબાણ શાખાની ટીમો ત્રાટકી હતી. રોડ સાઇડમાં રાખવામાં આવેલા લારી-ગલ્લા, ખુરશી-ટેબલોને એક પછી એક જમા કરવામાં આવી રહ્યા હતા. દબાણ શાખાની કાર્યવાહીથી લારી ધારકોમાં રોષ જોવા મળી રહ્યો હતો. લારી ધારકે મીડિયાને જણાવ્યું કે, મારી સેવઉસળ-પૌંઆની લારી છે. અમે પાલિકામાં મહીને રૂ.૧ હજાર ભરીએ છીએ. દોઢ મહિનામાં આ ત્રીજી વખત મારી લારી જપ્ત કરવામાં આવી રહી છે. તેઓને પુછ્યું તો તે જણાવે છે કે, અમારે લઇ જવું પડે.

# બુહારીમાં પાઇપલાઇન મરામત વેળા માટી ધસી પડતાં દબાયેલા યુવકનું મોત



વાલોડ- વાલોડ તાલુકાના બુહારી ખાતે એક કોમ્પ્લેક્સની સામે વાલોડ બુહારી માર્ગ પર પાણીની લાઈન લીકેજ થતા ખોદકામ દરમિયાન માટી ધસી પડતા યુવાન માટીમાં દબાઈ જતા આદિવાસી પંચ દ્વારા કામગીરી કરનાર,કરાવનાર અને જેસીબીના માલિકને હાજર કરવા અને મનુષ્ય વધનો ગુનો દાખલ કરવા ચક્કાજામ કરી યુવાનની લાશ લેવાનો ઇન્કાર કર્યો.

બુહારી ખાતે આજરોજ ૧૨ કલાકના અરસામાં વાલોડ બુહારી માર્ગ ઉપર આવેલ બજરંગ સૌ મિલની અને એક શોપિંગ સેન્ટરની સામે પાણીની લાઈન લીકેજ હોવાથી મરામત કરવાની કામગીરી ચાલી રહી હતી, આ કામગીરી દરમિયાન ૨૦ ફૂટ ઊંડો ખાડો ખોદી કામગીરી હાથ ધરાઈ હતી, ખાડામાં ઉતરેલ યુવાન વ્યારા તાલુકાના ભોજપુર ગામના યુવાન તેજસ જગદીશ કોકણી ઉમર ૨૫ વર્ષ ખાડાની અંદર કામ કરી રહ્યો હતો તે દરમિયાન અચાનક માટી ધસી પડતા યુવાન માટી નીચે દબાઈ ગયો હતો, યુવાનને બચાવવા માટે તાત્કાલિક જેસીબી મશીનથી બચાવ કામગીરી કરવામાં આવી હતી, માટી ધસવાને કારણે યુવાનને માટી હટાવી બચાવવો પ્રયત્ન કર્યા હતા, પરંતુ યુવાનનું મરણ થયું હતું, આ બાબતની ભોજપુર અને આદિવાસી સમાજના લોકોને જાણ થતા ધીરે ધીરે લોકોના ટોળા બુહારી ખાતે આવી પહોચ્યા હતા. આ દરમિયાન વાલોડ પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી, આદિવાસી પંચ અને ભોજપુર ગામના લોકો દ્વારા કામગીરી કરનાર એજન્સી, કામગીરી કરાવનાર અને જેસીબીને બોલાવનાર જે કોઈ એજન્સી હોય અધિકારી હોય તેને રૂબરૂ બોલાવવા માંગણી કરી લાશને લેવાનો ઇનકાર કર્યો હતો. બપોરની ૧૨:૦૦ કલાકની ઘટના બાદ સાંજે ૪:૩૦ કલાકે પણ યુવાનો દ્વારા તેમની માંગણી ન સંતોષતા વાલોડ બુહારી માર્ગ ચક્કા જામ કરી દેવામાં આવતા તાપી જિલ્લા પોલીસનો કાફલો બુહારી ખાતે આવ્યો હતો.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........

### ઉકેલ માંગતો કોયડો : દેશમાં રહેવું કે પરદેશ



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

અમેરિકા પછી હવે બ્રિટનમાં પણ હોટેલ,રેસ્ટોરાં અને દુકાનો પર દરોડા પાડીને ગેરકાયદેસર રહીશોને આતંકવાદી પકડયા હોય તે રીતે વર્તન કરતા ધરપકડ કરવામાં આવે છે.

અમેરિકામાં તો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ક્યાં અને કેટલા કલાક નોકરી કરવા જાય છે તે હિલચાલ પર નજર રાખીને આ માટેની ખાસ પોલીસ દ્વારા પૂછપરછ કરાય છે.

અમેરિકાની નજરે ભારતીયો મેક્સિકન અને ગરીબ આફ્રિકી દેશો જેવા જ ઘૂસણખોર અને કાળી મજૂરી કરવા તૈયાર હોય તેવા

ગરીબ છે. થોડા દિવસો પહેલા મેક્સિકો સરહદ પર પકડાઈ ગયા પછી ભારતીયો જોડે કઈ રીતે ક્રૂર વ્યવહાર કરવામાં આવેલો તે આપવીતી પરત ફરેલા આવા ગેરકાયદેસર વસાહતીઓએ કરી હતી. લશ્કરના વિમાનમાં હાથમાં બેડી અને પગમાં સાંકળ પહેરાવીને તેઓને સ્વદેશ પહોંચાડયા હતા અને અમેરિકાની આવી પાશવી વર્તણુંક બદલ હોબાળો મચ્યો હતો.અમેરિકા, બ્રિટન અને કેનેડા કાયદા મુજબ વર્તી ન રહેલા ઘૂસણખોરોની ખેપ પશુઓની જેમ લશ્કરી વિમાનમાં ભારત પરત મોકલવા માટે હવે સક્રિય બની છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદેસર ઘૂસણખોરોને માટે ભારે કઠોરતા સાથે 'એલિયન ' એટલે કે અજાણ્યા ગ્રહના માણસો તેવો શબ્દપ્રયોગ કરે છે. જે પણ ગેરકાયદેસર ઘૂસણખોરો ભારત પરત આવ્યા તેઓએ એક કરોડ રૂપિયા જેટલી રકમ એજન્ટને આપીને 'ડંકી રુટ' થી અમેરિકા જવાનું દુઃસાહસ કર્યું હતું. માની લો કે તેઓ અમેરિકા પહોંચવામાં સફળ થયા હોત તો પણ તેઓ સત્તાવાર રીતે જે તે વિઝા મેળવીને નોકરી કે ધંધો કરી શકે તે તો શક્ય જ નહોતું. તેઓ કોઈ પરિચિતના સ્ટોર, મોટેલ કે ગેસ સ્ટેશનમાં નોકરી કરી શક્યા હોત. અત્યારે પણ જે ગેરકાયદેસર ભારતીયો અમેરિકામાં ઘુસવામાં સફળ થઈ ગયા છે તેઓ વર્ષોથી આવી જ નોકરી કે મજૂરી ઉચ્ચક મહેનતાણું મેળવીને કરે છે. એટલે સુધી કે તેઓ બેંક એકાઉન્ટ પણ ન ખોલાવી શકે કે પછી ડ્રાઈવિંગ લાયસન્સ પણ ન મેળવી શકે.

અમેરિકામાં કાયદા પ્રમાણે યોગ્ય વિઝા ધરાવતા કર્મચારી કે મજૂર - કારીગરને કલાકના ૧૭ - ૧૮ ડોલર આપવા પડે છે. રોજના નવ કલાકનું કામ થાય. દુકાન, રેસ્ટોરાં, મોટેલ કે બાંધકામ કંપનીઓ આથી ગેરકાયદેસર વસાહતીઓને નોકરીએ રાખીને કલાક દીઠ દસેક ડોલર આપીને ખાસ્સી બચત કરી શકે છે આથી અમેરિકન માલિકો પણ આવા કર્મચારી અને લેબરની વિઝા યોગ્યતાની ચકાસણી કરવાની પરવા કર્યા વગર તેઓને કામ આપે છે.

અમેરિકા જવાની આંધળી દોટ એ હદની છે કે ભારતમાં પ્રમાણમાં સુખથી અને તેના કરતાં પણ વધુ આત્મ સન્માન અને આઝાદી સાથે રહેવાનું હોવા છતાં કેટલાક નાગરિકો તેમની અને આખા પરિવારની જીંદગી હોડમાં મૂકીને ઘૂસણખોરી કરવા માટે લાઈન લગાવીને બેઠા છે.

ઘૂસણખોરો યાતના વીતાવીને પરત આવ્યા તેઓની વિતક કથા જાણવા છતાં અને ટ્રમ્પ તેની ટર્મ દરમ્યાન અતિ કડક વલણ અને ચાંપતી નજર રાખવાના છે તેનાથી પણ વાકેફ હોવા છતાં વિશેષ કરીને પંજાબ અને ગુજરાતના નાગરિકો ફરી ગેરકાયદેસર ઘૂસણખોરી કરવા સક્રિય બનશે જ. હાલ ભૂગર્ભમાં ચાલ્યા ગયેલા આવા એજન્ટોને પણ આવી ખાતરી હોઇ કેટલાક મહિના પછી તેમના ગોરખધંધાનો પ્રારંભ કરશે જ. ડોલર અને અમેરિકાની માનસિક બીમારી જેવી લાલસાને લીધે ગયેલા એક પરિચિતે કહ્યું કે 'જેઓ શૈક્ષણિક રીતે ડિગ્રી ધારી કે એન્જિનિયર છે કે પછી યોગ્ય વિઝા ધરાવી નોકરી કરે છે તેઓને માટે સારું છે બાકી કાયદેસર કે ગેરકાયદેસર રીતે વર્ષોથી રહેતા ભારતીયો ગુલામની જેમ નોકરી કે મજૂરી કરે છે. અમેરિકાના સ્ટોરમાં એક પણ ગ્રાહક ન હોય તો પણ નવ કલાક ઊભા જ રહેવું પડે છે. બાંધકામ સાઈટ પર પણ કોન્ટ્રાકટર ગુલામ હોઈએ તેમ વંશીય અપશબ્દો બોલી અને સ્વદેશની હાંસી ઉડાવતા હોય છે. એક પછી એક વજનદાર બોક્સ કન્ટેનરમાં ચઢાવવાની ઝડપ એવી રીતે રાખવી પડે કે શ્વાસ હેઠો બેસાડવાની કેટલીક સેકંડો પણ ન મળે. જો થોભો તો આખી અમારા જેવા મજૂરોની સાંકળ પણ અટકી જાય અને તે સાથે જ કોન્ટ્રાકટર ખરાબ રીતે અશ્લીલ ગાળ આપીને અપમાનિત કરી નાંખે.'

અમેરિકાની મોટેલોમાં કામ કરતા આપણા ગુજરાતીઓ જીવ પડીકે લઈને નોકરી કરતા હોય છે કેમ કે અડધી રાત્રે દારૂ ઢીંચીને ગોરાઓ અને અશ્વેતો આવતા હોય છે. કેટલાક યુવતીઓ લઈને આવે. કોમ્પ્યુટરમાં એન્ટ્રી પાડવા માટે તેઓનું નામ પૂછતા પણ અંદરથી ધ્રુજતા હોઈએ તેવો ડર અનુભવાતો હોય છે. તેઓ પાસે ગન હોઇ ગમે ત્યારે ગોળી વીંધી શકે. રૂમ સર્વિસ વખતે પણ અને પેમેન્ટ લેતી વખતે પણ ફફડાટ હોય છે.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર
સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058





સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# કલા મહાકુંભની પ્રદેશ કક્ષાની સ્પર્ધાનો વ્યારા નગરમાં દબદબાભેર પ્રારંભ

## ૩૦ કૃતિઓ માટે ૪૦૦૦ સ્પર્ધકો દક્ષિણપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની વિજેતા કૃતિઓ રજૂ કરશે





**તાપી-**વ્યારા નગરના આંગણે દક્ષિણ ગુજરાત પ્રદેશ કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪-૨૫ ના બે દિવસીય કાર્યક્રમનો આજરોજ દક્ષિણપથ વિદ્યાલય ખાતે પ્રારંભ થયો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, હસ્તકના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા પ્રેરિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, તાપી દ્વારા આયોજિત આ સ્પર્ધામાં કુલ ૯ જિલ્લાઓના વિજેતાઓ વચ્ચે પ્રાદેશિક સ્પર્ધાઓ યોજાઈ રહી છે.

તા. ૧૧ ફેબ્રુઆરી ના રોજ દક્ષિણપથ વિદ્યાલયના સહયોગથી ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ ઉદ્ઘાટન સમારોહમાં ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોકણી, અધિક નિવાસી કલેકટરશ્રી આર.આર. બોરડ, નગરપાલિકાના પ્રમુખ શ્રી રિતેશ ઉપાધ્યાય, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી અમૃતા આર ગામિત, રમત વિકાસ અધિકારીશ્રી ચેતન પટેલ, પદ્મશ્રી રમીલાબેન ગામિત, ડો.આશિષ ગામિત તેમજ મોટી સંખ્યામાં સ્પર્ધકો, નિર્ણાયકો, પ્રેક્ષકો, કલાકારો જોડાયા હતા.

આ બે દિવસીય ૩૦ સ્પર્ધાઓમાં કુલ ૪ હજાર વ્યક્તિગત અને સામૂહિક સ્પર્ધકો ભાગ લેવાના છે. આ સમારોહમાં મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક એવા ધારાસભ્યશ્રી મોહનભાઈ કોકણીએ જણાવ્યું હતું કે કલાના ક્ષેત્રમાં વ્યારા નગર પહેચાન બનાવવા લાગ્યું છે. આપણા જિલ્લાએ કેટલાય પ્રસિદ્ધ કલાકારોને પ્લેટફોર્મ આપ્યું છે. ગુજરાત સરકારના કલાના પ્રોત્સાહન માટે આવી સ્પર્ધાઓ લોકજીવનને ધબકતું રાખે છે. આજે ૯ જિલ્લાઓ માથી આટલી મોટી સંખ્યામાં આવેલા કલાકારો, નિર્ણાયકો, શિક્ષકો, કલા રસિકોન તાપી જિલ્લામાં આવી સ્પર્ધા માટે આવે તે સમગ્ર જિલ્લા માટે એક ગૌરવની બાબત છે એમ ઉમેરી આંનદની લાગણી વ્યક્ત કરી હતી..

દક્ષિણ ઝોનના તમામ જિલ્લાઓમાં સુરત શહેર અને ગ્રામ્ય, ડાંગ, છોટાઉદેપુર, ભરૂચ, વલસાડ, નવસારી, તાપી અને નર્મદા એમ કુલ ૯ જિલ્લાઓના ૪ વય જૂથ વચ્ચે ૩૦ કૃતિઓ માટે પ્રાદેશિક કક્ષાએ સ્પર્ધાઓ યોજાઇ રહી છે. આ સ્પર્ધાઓમાં વિજેતા ટીમ અને વ્યક્તિગત કૃતિઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

## વ્યારાની મહિલા સાથે ૨.૯૨ લાખની ઓનલાઇન ઠગાઇ




વ્યારા- વ્યારાના વૃંદાવનધામ સોસાયટી ખાતે રાજેશ્વરીબેન સાગર ગૌતમના વોટસ એપ ઉપર એક તા. ૧૧/૧૧/૨૪ ના રોજ એક મેસેજ આવેલ હતો. જે મેસેજમાં ઘરે બેઠા પૈસા કમાવા માટેનો હતો. જેમાં તેઓ દ્વારા મોકતા હોટલના વેબસાઇટ ઉપર જઈ હોટલને રેટીંગ આપી તે રેટીંગના સ્ક્રીન શોટ તેઓ દ્વારા આપવામાં આવેલ ટેલીગ્રામ ગૃપ VIP-TASK ૧૦૩ ઉપર રેટીંગ ના સ્ક્રીનશોટ મોકલતા અમારા એકાઉન્ટમાં ૧૫૦, ૨૫૦ તથા ૧૨૫ રૂપિયા જમા થયેલા, ત્યારબાદ ટેલીગ્રામ એકાઉન્ટ બાદમાં વેબસાઇટની લીક મોકલી તેમા યુવતી નો એકાઉન્ટ બનાવી આપેલ હતુ. તે વેબસાઇટ ઉપર આપવામાં આવતી ટાસ્કમાં યુવતીએ ઇન્વેસ્ટ કરેલ પૈસા ટાસ્ક પુરા કરતા વધીને મળશે તેમ જણાવેલ હતું.

જે વેબસાઇટ ઉપર યુવતીએ ટાસ્કમાં ઇન્વેસ્ટ કરેલ પૈસા વધીને દેખાતા હતા. અને તેમાથી રૂ.૫૯૮૦ યુવતી ના એકાઉન્ટમાં જમા કરેલ હતા. ત્યારબાદ તેઓ યુવતી ને વધારે પૈસાના ટાસ્ક આપતા ગયા અને અગલ-અગલ UPI ID આપતા ગયા તેમાં અલગ-અલગ ટ્રાંઝેક્શન થી કુલ રૂ.૨.૯૨.૬૦૦ યુવતી તથા તેના પતિ સાગર તથા મારા મિત્રમાંથી ટ્રાન્ફર કરેલા. જેના પ્રોફીટ સાથે રૂ.૩.૬૦.૦૦૦ થયેલા, જે પૈસા ઉપાડવા જતાં વિડ્રો નહોતો થયા. અંતે પોતે છેતરાયા હોવાનું માલુમ થતાં પોલીસમાં ફરિયાદ નોધાવી હતી.

### સુરતમાં બાળમજૂરી વિરુદ્ધ મોટી કાર્યવાહી

## વર્ષ ૨૦૨૪ માં ૩૯ દરોડામાં ૨૬ બાળમજૂરો મુક્ત, ૫ રાજયોના બાળકો મળ્યા



**બારડોલી-** સુરત જિલ્લામાં બાળમજૂરી નાબૂદી માટે જિલ્લા ટાસ્કફોર્સે વર્ષ ૨૦૨૪ માં મહત્વપૂર્ણ કામગીરી કરી છે. જિલ્લા કલેક્ટરના નેતૃત્વમાં નાયબ શ્રમ આયુક્તની કચેરી, બાળ સુરક્ષા યુનિટ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ સહિતની સંયુક્ત ટીમે ૩૯ દરોડા પાડીને ૨૬ બાળમજૂરોને મુક્ત કરાવ્યા છે.

આ બાળકો ઝારખંડ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર અને ઉત્તરપ્રદેશથી સુરતમાં કામ કરવા લવાયા હતા. તમામને પુનર્વસન માટે ચાઈલ્ડ વેલ્ફેર કમિટી-સુરત ખાતે મોકલવામાં આવ્યા છે. દરોડા દરમિયાન ૫૧ તરુણ શ્રમિકો પણ મળી આવ્યા હતા, જેમાં ૫ ગુજરાતી અને ૪૬ બિનગુજરાતી છે. આ બાળકો અને તરુણો ઈંટભઠ્ઠા, સાડી વેચાણ, હોટલ-રેસ્ટોરન્ટ, જરીકામ, ખાટલી વર્ક, ચા-નાસ્તાની લારી અને કપડાં પર કલર કામમાં કાર્યરત હતા.

કાયદાના ઉલ્લંઘન બદલ ૧૪ સંસ્થાઓ સામે FIR નોંધવામાં આવી છે અને ૪૨ સંસ્થાઓને નોટિસ પાઠવવામાં આવી છે. આ કેસો હાલમાં શ્રમ કોર્ટ-સુરતમાં ચાલી રહ્યા છે. જાગૃતિ અભિયાન અંતર્ગત ૧૫૦૦ કેલેન્ડરોનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરના ૨૨ સ્થળોએ શેરી નાટક દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી છે. ટેક્સટાઇલ માર્કેટમાં વારંવાર મળતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને FOSTTA માં સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો.

## કડોડરા-બારડોલી રોડ પર ૨ યુવકોનો ભોગ લેવાયા બાદ આખરે પાઇપો મૂકીને ગોઝારો કટ બંધ કરાયો



**બારડોલી-**કડોદરા બારડોલી રોડ ઉપર બે આશાસ્પદ યુવાનોના અકસ્માતમાં મૃત્યુ બાદ ગોઝારા કટ ને બંધ કરવાનું તંત્રને સૂઝ્યું ખરું. કડોદરા બારડોલી રોડ ઉપર ગત તારીખ ૧૬ જાન્યુઆરીના રોજ સોયાણી ગામે રાત્રે લગ્ન પ્રસંગે ડી જે નાં પ્રોગ્રામમાં મોહણી ગામે રહેતા બે હળપતિ યુવાનો અને તાતિથૈયાનો એક યુવાન મળી ત્રણ યુવકો ડીજે પ્રોગ્રામમાં ગયા હતા અને ત્યાંથી પરત સુઝુકિ એક્સેસ મોપેડ નંબર ઉં ૧૯ ઇઈ ૬૫૮૫ ઉપર ત્રણ સવારી પરત પોતાના ઘરે જતા જતા ગુરુવારે વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં બારડોલી થી કડોદરા જતા રોડ ઉપર રાયન ઇંટરનેશનલ સ્કુલની સામે આવેલ હાઇવેના કટ પાસે પહોચતા એક અજાણ્યા વાહન જેના નંબરની ખબર નથી તેના ચાલકે, પોતાનું વાહન કડોદરા તરફથી હંકારી લાવી સ્કૂલની સામે હાઇવેના કટ માંથી ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક યુટર્ન મારી કડોદરા જતા રોડ ઉપર લાવી સુઝુકિ એક્સેસ મોપેડ નંબર GJ ૧૯ BC ૬૫૮૫ સાથે અથડાવી દેતા સુઝુકિ એક્સેસ ઉપર સવાર ત્રણેય જણાને રોડ ઉપર પાડી દઇ ૨૦ વર્ષીય ઉક્કડ ઉર્ફે અજય રાજુભાઈ રાઠોડ, નવો હળપતિ વાસ તાતિથૈયા, તેમજ બાવન ગાળા, મોહણી ગામે રહેતા ૨૩ વર્ષીય અક્ષય ઉક્કડભાઈ રાઠોડ,ને ગંભીર ઇજા પોહચતા ઘટના સ્થળ ઉપર મોત નીપજયું હતું જયારે ૧૮, વર્ષીય અજય રાજુભાઈ રાઠોડ, ને ઇજા પહોંચાડી ટેમ્પો ચાલક નાસી ગયો હતો. તેવા ગોઝારા કટ ઉપર નેશનલ હાઈવે ઓથોરિટી અધિકારીઓને ત્રણ મોટા પાઇપો ની આડસ મૂકી મોટા વાહનો બંધ કરવાનું નિર્દોષ લોકોના મોત બાદ આખરે સૂઝ્યું હતું.

## વ્યારાની મહિલા સાથે ૨.૯૨ લાખની ઓનલાઇન ઠગાઇ



વ્યારા- વ્યારાના વૃંદાવનધામ સોસાયટી ખાતે રાજેશ્વરીબેન સાગર ગૌતમના વોટસ એપ ઉપર એક તા. ૧૧/૧૧/૨૪ ના રોજ એક મેસેજ આવેલ હતો. જે મેસેજમાં ઘરે બેઠા પૈસા કમાવા માટેનો હતો. જેમાં તેઓ દ્વારા મોકતા હોટલના વેબસાઇટ ઉપર જઈ હોટલને રેટીંગ આપી તે રેટીંગના સ્ક્રીન શોટ તેઓ દ્વારા આપવામાં આવેલ ટેલીગ્રામ ગૃપ VIP-TASK ૧૦૩ ઉપર રેટીંગ ના સ્ક્રીનશોટ મોકલતા અમારા એકાઉન્ટમાં ૧૫૦, ૨૫૦ તથા ૧૨૫ રૂપિયા જમા થયેલા, ત્યારબાદ ટેલીગ્રામ એકાઉન્ટ બાદમાં વેબસાઇટની લીક મોકલી તેમા યુવતી નો એકાઉન્ટ બનાવી આપેલ હતુ. તે વેબસાઇટ ઉપર આપવામાં આવતી ટાસ્કમાં યુવતીએ ઇન્વેસ્ટ કરેલ પૈસા ટાસ્ક પુરા કરતા વધીને મળશે તેમ જણાવેલ હતું.

જે વેબસાઇટ ઉપર યુવતીએ ટાસ્કમાં ઇન્વેસ્ટ કરેલ પૈસા વધીને દેખાતા હતા. અને તેમાથી રૂ.૫૯૮૦ યુવતી ના એકાઉન્ટમાં જમા કરેલ હતા. ત્યારબાદ તેઓ યુવતી ને વધારે પૈસાના ટાસ્ક આપતા ગયા અને અગલ-અગલ UPI ID આપતા ગયા તેમાં અલગ-અલગ ટ્રાંઝેકશન થી કુલ રૂ.૨.૯૨.૬૦૦ યુવતી તથા તેના પતિ સાગર તથા મારા મિત્રમાંથી ટ્રાન્ફર કરેલા. જેના પ્રોફીટ સાથે રૂ.૩.૬૦.૦૦૦ થયેલા, જે પૈસા ઉપાડવા જતાં વિડ્રો નહોતો થયા. અંતે પોતે છેતરાયા હોવાનું માલુમ થતાં પોલીસમાં ફરિયાદ નોધાવી હતી.

Date-19/02/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# માંડવીમાં દીપડા રેસ્ક્યુ સેન્ટર યોજનાના વિરોધમાં પદયાત્રા




માંડવી- માંડવી તાલુકાના માલધા ફાટા ખાતેથી માંડવી સુધી આદિવાસીઓના પ્રશ્નોને લઈનેપદયાત્રાનુંઆયોજન કરાયું હતું. જેમાં લોકોમાં લોક ચેતના જાગે અને જે વિસ્થાપિત થયેલા ખેડૂતોની જમીન અંગે હાઇકોર્ટના ચુકાદાનું અમલ કરવા માટે તંત્ર લોકોનો અવાજ સાંભળે તે હેતુથી આદિવાસી લોકો દ્વારા પોતાની રજૂઆત માટે પદયાત્રા કરી રજુઆત કરી હતી. અનુસૂચિના પ્રાવધાનોનું ઉલંઘન થઈ રહ્યું હોવાથી રદ કરવામાં આવે એવી માંગ સાથે મોટી સંખ્યામાં આદિવાસીઓ જળ જંગલ જમીન સંરક્ષણ પદયાત્રા દરમિયાન અનેક અસરગ્રસ્તો જાણે રસ્તા પર ઉતર્યા હતા.

આમલીડેમ, લાખીડેમ, ઈસરડેમના વિસ્થાપિતોના તરફેણમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો હોવા છતાં જમીનના બદલામાં જમીન આપવામાં આવી નથી. એવા વિસ્થાપિતોની માંગ સાથે માંડવી સુગર ફેકટરીનું બારોબાર ખાનગીકરણ કરી નાખવામાં આવ્યું છે અને ખેડૂતો, મજુરો, કર્મચારીઓ અને ટ્રાન્સપોર્ટરોના નાણા હજુ સુધી સરકાર દ્વારા ચૂકવવામાં નથી આવ્યા જેને કોર્પસ ફંડ બનાવી ચૂકવવામાં આવે એવી માંગણી સાથે ખેડૂતો, મજુરો, કર્મચારીઓ અને ટ્રાન્સપોર્ટરો તેમજ હાઇવે નંબર ૫૬માં આદિવાસીઓનું જમીન સંપાદન થઈ રહ્યું એ અટકાવવામાં આવે એવી માંગ સાથે ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આદિવાસી સમાજ માંડવી તાલુકાના માલધા ફાટાથી માંડવી સુધી નીકળેલી પંદર કિલોમીટર લાંબી પદયાત્રામાં ગાંધી ચિંધ્યા માર્ગેરસ્તા પર ઉતરી પડ્યો હતો આદિવાસી આગેવાનોએ આ યાત્રા દરમિયાન માંડવી નાયબ કલેક્ટર મારફત ગુજરાત રાજયના રાજયપાલને આવેદનપત્ર પાઠવ્યું હતું. જળ જંગલ જમીન બચાવો, આદિવાસી બચાવો તથા દીપડા રેસ્ક્યુ ના નિર્માણને બંધ કરો તથા વિસ્થાપિતોને ન્યાય અપાવવા આજરોજ પદયાત્રાનું આયોજન કરી અધિકારીઓને આવેદન આપી રજૂઆતો કરી છે. દલુભાઈ ચૌધરી, ઈશર ડેમના વિસ્થાપિત

અભ્યારણનું ચાલી રહેલું સર્વે રદ કરવામાં આવે તથા ડેમના વિસ્થાપિતોને નામદાર કોર્ટે જમીનના બદલામાં જમીન આપવાના કરેલા હુકમનું પાલન થાય તેમ જ હાઇવે ૫૬ ના પ્રોજેક્ટને રદ કરવા અને માંડવી સુગર નું થયેલું ખાનગીકરણ રદ કરવા અનેક માર્ગો સાથે જળ જંગલ જમીનની સંરક્ષણ યાત્રા કાઢવામાં આવી હતી.

# કીમ વિસ્તારમાં શ્રમજીવી પરિવારના ઘરમાં આગ:શોર્ટ સર્કિટથી લાગેલી આગમાં ઘરવખરી બળીને ખાક, કોઈ જાનહાની નહી



**બારડોલી-** સુરત જિલ્લાના કીમ ચાર રસ્તા વિસ્તારમાં એક શ્રમજીવી પરિવારના કાચા મકાનમાં આજે આગ લાગવાની ઘટના બની હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સુમિલોન ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની આ ઘટનામાં શ્રમજીવી પરિવારનું કાચું મકાન સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયું હતું અને તેમની તમામ ઘરવખરીને નુકસાન પહોંચ્યું હતું.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, જેના કારણે સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. સ્થાનિક તંત્ર દ્વારા નુકસાનીનો અંદાજ કાઢવામાં આવી રહ્યો છે.

# રાજસ્થાનના ૧૭ વર્ષીય યુવકની લાશ ભાદોલ કેનાલમાંથી મળી, પોલીસે તપાસ શરૂ કરી



બારડોલી- કામરેજના નવી પારડી વિસ્તારમાં એક દુ-ખદ ઘટના સામે આવી છે. કાકરાપાર નહેરમાં ન્હાવા પડેલા ૧૭ વર્ષીય રાજસ્થાની કિશોરનું મોત નિપજ્યું છે. મૃતક કિશોરની ઓળખ જગદીશ ભવરલાલ રાઠોડ તરીકે થઈ છે, જે મૂળ રાજસ્થાનના ઝાલોર જિલ્લાના વલદરા ગામનો રહેવાસી હતો અને હાલમાં કોસંબા ખાતે રહેતો હતો.

ઘટના અનુસાર, જગદીશ નવી પારડી ગામની સીમમાં આવેલી કાકરાપાર નહેરમાં ન્હાવા માટે ગયો હતો. નહેરના ધસમસતા પાણીના પ્રવાહમાં તે તણાઈ ગયો હતો. તેની શોધખોળ દરમિયાન, કિશોરની લાશ કીમ નજીક આવેલા ભાદોલ ગામની સીમમાં માઈનોર નહેરના ગળનાળાના પાણીમાંથી મળી આવી હતી.

ઘટનાની જાણ થતાં કીમ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ દુર્ઘટના નહેરમાં સુરક્ષા વ્યવસ્થાની આવશ્યકતા તરફ ધ્યાન દોરે છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય ઘટનાની વાત કરીએ તો ઓલપાડ તાલુકાના ગામોમાં ઉનાળુ ડાંગરની વાવણીની સીઝન હોય ત્યારે જિલ્લા બહારથી વાવણી મજૂરી કામ અર્થે આવતા મજૂરો પૈકી સરસ ગામે આવીને પરિવાર સાથે રોકાયેલા મજૂરો પૈકીના બે મજુર ગામના તળાવમાં રાત્રીના માછલાં પકડવા જતા ડૂબી જવાથી મોત થવાની ઘટના બની હતી. ઓલપાડ તાલુકાના ગામોમાં મોટા પાયે ઉનાળુ ડાંગરની વાવણી થતી હોય ત્યારે તાલુકાના ગામોમાં વાવણી કામ અર્થે સ્થાનિક મજૂરો પહોંચી ન વળતા ન હોવાથી ખેડૂતો જિલ્લા બહારથી આદિવાસી પટ્ટીના ગામોથી ડાંગર વાવણી માટે મજૂરો મંગાવે છે, એટલુંજ નહીં પણ કેટલાક કોન્ટ્રાકટરો દ્વારા પણ મજૂરી કામ કરાવવા મજૂરોની ટુકડી તાલુકાના ગામોમાં લાવી રાખે છે.

તે જ રીતે ઓલપાડ તાલુકાના સરસ ગામે દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા ના બીલોઈ ગામના મજૂરો સરસ ગામે ડાંગર વાવણી કામ અર્થે આવીને પરિવાર સાથે પડાવ માં રહેતા હતા.ત્યારે સરસ ગામે તેજશભાઈ હરીશભાઈ પટેલના ઘરે ડાંગર વાવણી કામ અર્થે રોકાયેલા રમેશભાઈ ડામોર ઉ.વ ૫૨ અને બાબુભાઈ દેવાભાઈ ડામોર ઉમર ૫૧ રહે બીલોઈ ગામ તાલુકો ગરબાડા જિલ્લો દાહોદ નાઓ શનિવારની રાત્રે સરસ ગામના તળાવમાં માછલાં પકડવા ગયા બાદ મોદી રાત્રે પડાવ પાર ન આવતા પરિવારના સભ્યોને ચિંતા થતા આબાબતે ખેડૂતને જાણ કરવા સાથે તળાવ પર શોધવા જતા બન્ને મજુર મળી ન આવતા તેમની સાથે અજુગતું થયું હોવાનું અનુમાન લગાવી ગ્રામજનોએ તળાવ પર શોધખોર કરતા બન્નેવ મજુર અકસ્માતે તળાવમાં ડૂબી ગયાનું અનુમાન લગાવી, શોધ ખોર માટે રવિવારે સુરતથી ફાયરબ્રિગેડની ટિમ બોલાવતા ફાયર ન જવાનોએ મહા મહેનતે મજૂરોના મૃત દેહ બહાર કાઢ્યા હતા. આમ અકસ્માતે તળાવમાં ડૂબી જવાથી બે મજૂરના મોત થયા હતા.

**કીમ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ દુર્ઘટના નહેરમાં સુરક્ષા વ્યવસ્થાની આવશ્યકતા તરફ ધ્યાન દોરે છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.**

# જિલ્લા કાનૂની સત્તા મંડળ-સુરત દ્વારા તા.૮મી માર્ચે સુરત જિલ્લાની તમામ કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

## સમાધાનથી ટાર્ગેટેડ કેસોનું નિરાકરણ કરાશેઃ પક્ષકારો તથા તેમના વકીલોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો




**સુરતઃ** સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળના નેજા હેઠળ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન તેમજ સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષાની અધ્યક્ષતામાં આગામી તા.૮/૩/૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

સુરત જિલ્લાની તમામ કોર્ટોમાં શહેર અને તાલુકા કોર્ટોમાં પેન્ડીગ જુના સમાધાન લાયક કેસોનું લોક અદાલતના માધ્યમથી નિકાલ કરી શકાય એવા કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ ના કેસો, નાણા વસુલાતના કેસો, મજૂર તકરાર, ઈલેક્ટ્રીસીટી એન્ડ વોટર બિલ્સ (નોન કંપાઉન્ડેબલ કેસોને બાદ કરતા), જમીન સંપાદન રેફરન્સના કેસો, વૈવાહિક તકરારોના (છુટાછેડા સિવાયના) કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃતિના લાભોને લગતા કેસો, મહેસૂલ કેસો, અન્ય દીવાની કેસો (ભાડા તકરાર, સુખાધિકાર, મનાઈ હુકમનાં, વિશિષ્ટ પાલનના દાવા) જેવા ટાર્ગેટેડ કેસોના નિકાલ માટે પક્ષકારો તથા તેમના વકીલોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો.

વધુમાં, સીસીટીવી કંટ્રોલરૂમ, સુરત દ્વારા ટ્રાફિક નિયમનો ભંગ કરતા હોય તેવા વાહન ચાલકોને મોટર વ્હિકલ એકટ હેઠળ ઈ-ચલણના નાણાં ઓનલાઈન તથા ઓફલાઈન મધ્યમથી લોક અદાલતમાં ભરી શકશે તેમજ સંભવ ઈનીશિએટીવ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ સાથે મળી રૂબરૂ તથા ટેલિફોનીક માધ્યમથી ઈ-ચલણ ભરવા માટે લોકોને શિક્ષીત કરવામાં આવશે. લોકઅદાલતનો લાભ લઈ બાકી ઈ-ચલણના નાણાની ચુકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહી તો તેનો પણ લોકો લાભ લઈ શકે છે.

રાષ્ટ્રીય લોક અદાલતમાં કેસોનો નિકાલ થવાથી બંન્ને પક્ષકારોના હિતમાં કેસનો ફેસલો થશે, જેથી કોઈ પક્ષકાર પોતાના કેસો લોક અદાલતમાં મૂકવા માંગતા હોય તો તેઓ જે તે અદાલતમાં અથવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-સુરત તથા તાલુકા કાનૂની સેવા સમિતીનો સંપર્ક કરી પોતાનો કેસો આગામી રાષ્ટ્રીય લોક અદાલતમૂ મુકી શકશે તેમ જિ. કાનૂની સેવા સત્તામંડળના સચિવ સી.આર. મોદીની યાદીમાં જણાવ્યું છે.

**લોકઅદાલતનો લાભ લઈ બાકી ઈ-ચલણના નાણાની ચુકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહી તો તેનો પણ લોકો લાભ લઈ શકે છે.**

# તરસાડીમાં ૪ કરોડના ખર્ચે નવું પુસ્તકાલયઃમાંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે તાલુકા પુસ્તકાલયનું લોકાર્પણ



**બારડોલી-**તરસાડી-કોસંબા વિસ્તારના વિદ્યાર્થીઓ અને વાચન પ્રેમીઓ માટે આનંદની વાત છે કે આજે તરસાડી ખાતે નવનિર્મિત સરકારી તાલુકા પુસ્તકાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું. માંગરોળ વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ભાઈલાલની વાડી ખાતે આ ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગ્રંથાલય દ્વારા ૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ નવા પુસ્તકાલયથી વિસ્તારના વિદ્યાર્થીઓ, વાચન પ્રેમીઓ અને સિનિયર સિટીઝનોને વાંચન માટેની આધુનિક સુવિધા ઉપલબ્ધ થશે. આ અવસરે બહોળી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ કપિલાબેન પરમાર, નવસર્જન સ્કૂલના પ્રમુખ કિશોરસિંહ કોસાડા, સુરત વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક જે.એસ. ચૌધરી ગ્રંથપાલ એમ.એસ. ગોહિલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).